# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૨૧/૧/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બરની લેડીઝ વીંગ દ્વારા 'કેરીયર ઇન બ્યુટી ઇન્ડસ્ટ્રી' વિશે અવેરનેસ સેશન યોજાયું

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની લેડીઝ વીંગ દ્વારા બુધવારે, તા. ૨૦ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ 'કેરીયર ઇન બ્યુટી ઇન્ડસ્ટ્રી' વિશે અવેરનેસ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લેકમે એકેડેમી, સુરતના ઓનર નિમિષા ત્રિવેદીએ મહિલાઓને બ્યુટી ઇન્ડસ્ટ્રીમાં વિવિધ કોર્સ કરીને આત્મનિર્ભર થવાની દિશામાં મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

વકતા નિમિષા ત્રિવેદીએ જણાવ્યું હતું કે પરિવાર, સમાજ અને દેશની પ્રગતિ માટે મહિલા સશકિતકરણ ખૂબ જ જરૂરી છે. પહેલા મહિલા માત્ર શિક્ષિકા પૂરતી સીમિત જોવા મળતી હતી પણ અત્યારે મહિલા દરેક ક્ષેત્રમાં આગળ નીકળી ગઇ છે. કેટલાક ક્ષેત્રોમાં મહિલા ટોચની જગ્યા ઉપર પોતાનું પ્રદાન આપી રહી છે ત્યારે બ્યુટી ઇન્ડસ્ટ્રીમાં પણ મહિલા ઘણી આગળ નીકળી ગઇ છે. હવે તો મહિલા સોશિયલી, ઇકોનોમિકલી અને પોલિટીકલી સ્ટેન્ડ લેતી થતી ગઇ છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, મહિલા પોતાની કાબેલિયત અને આવડત મુજબ બ્યુટી ઇન્ડસ્ટ્રીમાં પણ કેરીયર બનાવી શકે છે. આ ઇન્ડસ્ટ્રીમાં મહિલા મેકઅપ આર્ટિસ્ટ, કોસ્મેટોલોજિસ્ટ, હેર સ્ટાઇલિસ્ટ અને બ્યુટી થેરાપિસ્ટ તરીકે કારકિર્દી બનાવી શકે છે. મહિલાઓ પર્સનલ ગ્રુમીંગ કોર્સિસ કરીને પણ પગભર થઇ શકે છે. વિદ્યાર્થીઓ માટે ઇવેન્ટ કરી શકે છે તેમજ હેન્ડ એન્ડ ફીટ સર્વિસિસ પણ આપી શકે છે.

તેમણે વધુમાં કહયું હતું કે, ઇન્ટરનેશનલ બ્રાન્ડ લેકમે સુરતમાં પહેલી વખત સર્ટિફાઇડ કોર્સ માટે એકેડેમી લાવી રહી છે. આ કોર્સિસ માટે ભાષાની કોઇ મર્યાદા નડતી નથી. એના માટે મહિલાએ નકકી કરવાનું રહેશે કે આ ઇન્ડસ્ટ્રીમાં કયો કોર્સ કરવાનો છે. તેમણે વિડિયો બતાવીને પણ મહિલાઓને સમજણ આપી હતી.

ચેમ્બરની લેડીઝ વીગના ચેરપર્સન પૂનમ દેસાઇએ સ્વાગત પ્રવચન કર્યું હતું. જ્યારે લેડીઝ વીગના સભ્ય રોશની ટેલરે સમગ્ર સેશનનું સંચાલન કર્યું હતું. જ્યોતિ લાલવાલાએ વકતાનો ટૂંકમાં પરિચય આપ્યો હતો. અંતે રૂપલ દલાલે સર્વેનો આભાર માની સેશનનું સમાપન કર્યું હતું.